અ.મુ.સ.શ્રી(સા.ન્યા) ના અધ્યક્ષપદે તજજ્ઞ સમિતિની તા.૨૪/૦૭/૨૦૨૩ ના રોજ ૦૩:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે પેટા તજજ્ઞ સમિતિની બેઠક તા.૨૪/૦૭/૨૦૨૩ના રોજ ૦૩:૦૦ કલાકે મળેલ. બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષ્ચર-૧ મુજબ છે. ઉપસ્થિત અધિકારીશ્રીઓને આવકારી નાયબ સચિવશ્રી (સ.સુ.) દ્વારા બેઠકની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ હાજર રહેલ સંબધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા શરૂ કરવામાં આવેલ.

- **એજન્ડા નં. ૧** :- શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી કચેરી હસ્તકના આચાર્ય,વર્ગ-૨ સંવર્ગમાં દિવ્યાંગતાના પ્રકાર સુનિશ્ચિત કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી

.

- કાર્યવાહી: શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી હસ્તકના નીચે દર્શાવેલ ૧(એક) સંવર્ગ માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાની દરખાસ્ત પર તજજ્ઞ સમિતિ દ્વારા વિચારણા કરવામાં આવેલ. શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આચાર્ય, વર્ગ-૨ ની ફીડર કેડર ફોરમેન ઇન્સ્ટ્રકટર, વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીની જગ્યાઓ માટે દિવ્યાંગતાનાં પ્રકાર નિયત કરેલ તેવી દિવ્યાંગતા સુનિશ્ચિત કરવા રજુઆત કરવામાં આવેલ. સદર સંવર્ગની કામગીરીને ધ્યાને લઇ કયા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ ફરજ બજાવી શકે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. સંવર્ગની કામગીરી, ભરતી નિયમો તેમજ મંજુર થયેલી જગ્યાને ધ્યાને લઇ, તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી હસ્તકના સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલી જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | આચાર્ય | ૨ | ૩૧૫ | LV (40-70%) | D, HH | OL, OA, OAL, CP, LC, Dw, AAV | MD involving (a) to (c) | **B, LV** | **D, HH** | **OA, OL, BL, CP, LC, Dw, AAV, SD, SI** | **SLD, MI, MD** |

○ **એજન્ડા નં. ૨** :- ગૃહ વિભાગ હેઠળના નશાબંધી અને આબકારી ખાતા હસ્તકના ૧૨ સંવર્ગો માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

➢ કાર્યવાહી :- ગૃહ વિભાગ હેઠળના નશાબંધી અને આબકારી ખાતા હસ્તકના નીચે દર્શાવેલ ૧૨ સંવર્ગો માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાની દરખાસ્ત પર તજજ્ઞ સમિતિ દ્વારા વિચારણા કરવામાં આવેલ. સંવર્ગોની કામગીરી, ભરતી પ્રક્રિયા તેમજ સંવર્ગોનો અધિક્રમ તેમજ ભારત સરકાર દ્વારા સદર સંવર્ગોને સમાન પ્રકારના સંવર્ગ માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને ધ્યાને લઇ, તજજ્ઞ સમિતિ દ્વારા વિસ્તૃત ચર્ચા કરીને નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

➢

**ગૃહ વિભાગ હેઠળના નશાબંધી અને આબકારી ખાતા હસ્તકના સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | સિપાઇ | ૩ | ૨૬૭ | - | HH (40% થી 70%) | - | - | - | HH (40% થી 70%) | AAV | SLD |
| ૨ | જમાદાર (હેડ કોન્સ્ટેબલ) | ૩ | ૫૩ | - | HH (40% થી 70%) | - | - | - | HH (40% થી 70%) | AAV | SLD |
| ૩ | નાયબ નિરીક્ષક | ૩ | ૧૫૩ | - | HH (40% થી 70%) | - | - | - | HH (40% થી 70%) | AAV | SLD |
| ૪ | નિરીક્ષક | ૩ | ૩૮ | - | HH (40% થી 70%) | - | - | - | HH (40% થી 70%) | AAV | SLD |
| ૫ | નશાબંધી અને આબકારી અધીક્ષક | ૨ | ૧૮ | - | HH (40% થી 70%) | - | - | - | HH (40% થી 70%) | AAV | SLD |
| ૬ | નશાબંધી અને આબકારી અધીક્ષક | ૧ | ૮ | - | HH (40% થી 70%) | - | - | - | HH (40% થી 70%) | AAV | SLD |
| ૭ | નાયબ નિયામક | ૧ | ૨ | - | HH (40% થી 70%) | - | - | - | HH (40% થી 70%) | AAV | SLD |